e-ISSN : XXXX XXXX
Volume-2, Issue-2 : April-June, 2021

વાસનાઓ અમસ્તીયે ભડકે બળતી હોય છે, તેવે સમયે ઉત્તેજિત થયેલી વૃત્તિઓ તેની તૃપ્તિ માટેના માર્ગો શોધે તે સ્વાભાવિક છે. આ સર્વ માટે જવાબદાર છીએ આપણે પોતે જ; આપણી સત્ત્વહીનતા, સાચા સંસ્કારની અવહેલના અને સંયમનો સદંતર અભાવ !

વધુ મોડું થાય, તે પહેલાં અનિષ્ટ તત્વોરૂપી ઉધઈ સામે જંગ માંડવો અનિવાર્ય છે. નહિ તો આપણે કોણ જાણે કેટલાં ફાંસીને માંચડે ચડશે ? ..... બીજી આટલી જ ચિંતાજનક બાબત છે - આજકાલ વિકૃત માનસિક્તાયુક્ત ક્રૂર સ્ત્રીઓની. સદીઓથી સ્ત્રી રક્ષણયોગ્ય, બિચારી ગણાતી આવી છે. હજી આજે પણ ભારતમાં ઘણી જગ્યાએ આ વાતાવરણ છે. આથી કાયદાઓએ પણ સ્ત્રીઓને સારું એવું સંરક્ષણ આપ્યું છે. પરંતુ કેટલીક યુવતીઓ આ સ્થિતિનો ભયંકર દુરુપયોગ કરી રહી છે. ધન, ભોગ કે સત્તાની લાલસાથી ખરડાયેલ તે સ્ત્રીઓ નિર્દોષ પુરુષોને ખોટી રીતે સંડોવતી હોવાના દાખલા અત્યારે સમાજમાં ઓછા નથી. જૂઠ અને પાખંડપૂર્વક હકીકતોને તદ્દન બદલી નાંખી છેવટે કાયદાની તલવારથી વ્યક્તિને વધેરવાનો પ્રયાસ કરતાં તેઓને જરાય આંચકો નથી, જે સમાજ માટે કલંકિત ઘટના છે. ટૂંકમાં, પુરુષ હોય કે સ્ત્રી, સહુએ સુધરવાની તાતી જરૂર છે. આ દિશાના થોડાં નક્કર પગલાં વિચારી શકાય.

જીવનમાં મોજશોખ હોઈ શકે. પરંતુ વિવકની લગામયુક્ત ભોગવિલાસથી ભરપૂર જીવનશૈલી નહી.

પરિશ્રમ સત્ય અને નીતિપૂર્ણ જીવન.

શાળા કોલેજની તમામ પ્રવૃત્તિઓ સંસ્કારથી પોષાયેલી હોય, જીવનું સાચું ઘડતર કરનાર હોય-માતા-પિતાનું તેમાં સારું એવું યોગદાન, સહકાર હોય.

યોગ્ય સમયે જાતીય શિક્ષણ પૂરા પ્રેમ અને પવિત્રતાપૂર્વક, મર્યાદાશીલ શિક્ષકો, ડોક્ટરો કે સમજુ માતા-પિતા દ્વારા અપાવું જોઈએ.

સુંદર પરિધાન, શૃંગાર, વેશભૂષા પ્રત્યે યુવાનોને ખાસ આકર્ષણ હોય તે સ્વાભાવિક છે પરંતુ તે મર્યાદાહીન કે અંગપ્રદર્શન કરનાર ન હોવાં જોઈએ.

દીકરીઓને સ્વરક્ષણ માટે કરાટે વગેરે પૂરી સમજણ સાથે શીખવવું જોઈએ. દીકરાઓને પણ કરાટે, વ્યાયામ વગેરે થકી વધુ સશક્ત બનાવવા જોઈએ. અલબત્ત સંસ્કાર સિંચનની સાથોસાથ.

સિનેમા-ટી.વી. વગેરે આનંદ પ્રમોદના સાધનો આનંદ આપવા ઉપરાંત માર્ગદર્શક હોવા જોઈએ. મોટાં શહેરોમાં 'હેપ્પરં ફ્રેંકી' ના ઓઠાં હેઠળ વિશેષ નબળાઈઓ પોષાય છે, આથી મોડી રાતની પ્રવૃત્તિઓ, એકાંત સેવન ઉપર નિયંત્રણ જરૂરી છે. આને સ્વતંત્રતાનો અભાવ ન ગણતાં સાવચેતી ગણીએ. ધસમસતી આવતી ટ્રેન સામે પાટા વચ્ચે ઉભા રહેવાની સ્વતંત્રતાનો ઉપયોગ કરીશું કદી ?

આ માટે જાગૃત સમાજ સેવકોનાં નાનાં નાનાં જૂથ કાર્યશીલ થવાં જરૂરી છે કે જેઓ શિથિલ અને વિલંબિત કાયદાવ્યવસ્થા સામે પણ અવાજ ઉઠાવી શકે.

પ્રત્યેક વ્યક્તિ પોતાને સમાજનો એકમ સમજી, સ્વીકારી પોતે આગળ વધશે, સુધારાની સતત ખેવના સેવશે તો જ આદર્શ સમાજનું નિર્માણ શક્ય બનશે. આપણી રક્ષા આપણા હાથમાં, આપણો સુધારો આપણા થકી !

-----

ज्ञानोन्मेष
e-ISSN : XXXX XXXX
Volume-2, Issue-2 : April-June, 2021

# બાળકોને પ્રિય પશુ-પક્ષીઓનાં રમકડાં

ડૉ. પ્રવીણ વાટલિયા
પ્રોફેસર
કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર.

**Received : 08-04-2021** **Published Online : June-2021** **Accepted : 23-04-2021**

રમકડાં એવી વસ્તુ છે જેનાથી રમી શકાય છે, જે ખાસ કરીને બાળકો માટે બનાવવામાં આવે છે. આમ છતાં, રમકડાંઓથી પુખ્ત વયના મોટા લોકો પણ રમતા જોવા મળે છે. રમકડાં સાથે રમવું એ નાનાં બાળકોને સમાજમાં જીવન સાથે પ્રશિક્ષણ આપવાનું એક આનંદપ્રદ અને ઉત્તમ માધ્યમ છે.

રમકડાંની ઉત્પત્તિ પ્રાગૈતિહાસિક છે. હડપ્પા અને મોહેંજો-દડોની સંસ્કૃતિના અવશેષરૂપે મળેલ પુરાતત્ત્વના પુરાવામાં પણ માટીનાં રમકડાં મળી આવેલ છે, જે દર્શાવે છે કે રમકડાં અતિ પ્રાચીન છે. પૌરાણિક કથાઓમાં પણ રમકડાંઓનો ઉલ્લેખ જોવા મળે છે. શિશુઓ, પ્રાણીઓ અને યોદ્ધાઓનું પ્રતિનિધિત્વ કરતી ઢીંગલીઓ અને કઠપૂતળીઓ ઐતિહાસિક સ્થળોએથી સરળતાથી મળી આવે છે. સૌથી પ્રાચીન ઢીંગલીનું રમકડું આશરે ૪૦૦૦ વર્ષ પુરાણું હોવાનું માનવામાં આવે છે.

પ્રાણીઓ હજારો વર્ષોથી મનુષ્યની સાથે છે અને બંને વચ્ચે મજબૂત બંધન છે. પ્રાણીઓ સાથેના આપણા સંબંધો વિવિધ સ્વરૂપો લઈ શકે છે. માનવ-પ્રાણી સંબંધો ફક્ત આર્થિક નથી, સામાજિક પણ છે તેનું સ્પષ્ટ ઉદાહરણ પાલતુ પ્રાણી સાથેના ઘનિષ્ઠ સંબંધ અને આત્મીયતા છે. માનવજીવનમાં પશુ-પક્ષીઓ, વન્યજીવો અનાદિકાળથી અનેરો ભાગ ભજવે છે. સસલું, હાથી, ઘોડો, ચકલી, પોપટ, મોર, સિંહ, વાઘ, વાંદરો, ઊંટ, ગાય, બળદ, કૂતરો,બતક, ઉંદર, દેડકો, કાગડો, કાચબો, શિયાળ, કૂકડો, બિલાડી જેવાં પશુ-પક્ષીઓનાં રમકડાં બાળકોને હંમેશાં પ્રિય રહ્યાં છે.

બાળકોને પશુ-પક્ષીઓનાં રમકડાંઓ સાથે અનોખો લગાવ જોવા મળે છે. તમે શહેરમાં રહેતા હો કે અંતરિયાળ ગામડામાં, પશુ-પક્ષીઓનો અવાજ કે કલબલાટ તમને હંમેશાં આકર્ષશે. નાનકડા બાળકના હાથમાં ઢીંગલી સ્વરૂપે અપાતાં પશુ-પક્ષીઓનાં રમકડાંને બાળક અચરજથી જુએ છે, સ્પર્શે છે અને એની સાથે રમે છે, એ રીતે પશુ-પક્ષીઓ સાથે આત્મીયતા પણ કેળવે છે. જુદા-જુદા પ્રકારના અવાજ કરતાં સિસોટી વગાડતાં કે ઘરઘરાટી કરતાં રમકડાં બાળકોને ખૂબ ગમે છે. ધીમે ધીમે બાળક પણ પોતાની કાલીઘેલી ભાષામાં રમકડાં સાથે વાતો શરૂ કરી દે છે ત્યારે માતાઓ પણ સહજ આનંદ અનુભવે છે.

બાળવાર્તાઓ અને બાળગીતોનાં પાત્ર તરીકે મોટાભાગે પશુ-પક્ષીઓ હોય છે. 'મેં એક બિલાડી પાળી છે', 'હાથીભાઈ તો જાડા', 'કૂકડો બોલે કૂકડે કૂક', 'ચલ રે ઘોડા ચલ ચલ ચલ' કે 'ચકલી બોલે ચી ચી ચી' જેવાં બાળગીતો બાળકોમાં રોમાંચ પેદા કરે છે. એ જ રીતે 'પોપટ ભૂખ્યો નથી', 'ભેંશ ભાગોળે, છાશ છાગોળે', 'આનંદી કાગડો', 'બે બિલાડી અને વાંદરો', 'વાઘ આવ્યો રે વાઘ', 'ઉંદર સાત પૂંછડિયો', 'ફૂલણજી દેડકો', 'બે સમજુ બકરી', 'ચકા-ચકી'ની બાળવાર્તાઓ કે 'હિતોપદેશ'ની વાર્તાઓ બાળકને મોજ કરાવવાની સાથે-સાથે જીવનના બોધપાઠ પણ હળવાશથી સમજાવી દે છે.

નાનપણથી જ બાળકો પશુ-પક્ષીઓ વિશે કુતૂહલ અને રસ બતાવે છે. પશુ કે પંખી તરફ લાંબા સમય

e-ISSN : XXXX XXXX
Volume-2, Issue-2 : April-June, 2021

સુધી જોઈ રહેવું, એના હલન-ચલનનું નિરીક્ષણ કરવું, ઈશારો કરવો, અવાજ કરી બોલાવવાનો પ્રયત્ન કરવો વગેરે બાળકના સાહજિક પ્રતિભાવો હોય છે અને પ્રાણી કે પક્ષી વિશે જિજ્ઞાસા વ્યક્ત કરે છે. જે ઘરમાં પાલતુ પ્રાણીઓ હોય છે ત્યાં એ પાલતુ પ્રાણીની સારસંભાળ રાખવી, ખવડાવવું, પિવડાવવું, રમત કરવી વગેરેમાં બાળક રસ લેતું થઈ જાય છે.

રમકડાં બનાવવા માટે વિવિધ સામગ્રીનો ઉપયોગ થાય છે. ખાસ કરીને રમકડાં માટે જ ઉત્પાદિત ન હોય એવી વસ્તુઓમાંથી પણ રમકડાં બનાવી શકાય છે, જે 'વેસ્ટમાંથી બેસ્ટ' નો ઉત્તમ દાખલો પણ પૂરો પાડી શકે છે. એક નાનું બાળક છાપાના કાગળને આકાર આપીને કાગળનું વિમાન ઉડાડી શકે છે કે સાયકલનું જૂનું ટાયર દોડાવીને પણ રમત રમી શકે છે. લાકડાનો દાંડિયો લઈને ગિલ્લી દંડો બનાવીને પણ રમી શકે છે. ગાભાનો દડો બનાવીને એની ઉપર ફાટેલી ટ્યૂબની રિંગો ચડાવીને ક્રિકેટ રમવાની મોજ કંઈક જુદી હોય છે અને જૂનાં કપડાંના ટુકડાઓનો ઉપયોગ કરીને સરસ મજાની રંગબેરંગી સાજ-સજાવટવાળી ઢીંગલીઓ કે કઠપૂતળીઓ બનાવી શકાય છે.

પ્રાણીઓનાં રમકડાં પણ વિવિધ સ્વરૂપે મળે છે. જેમ કે પોચાં ગાદીવાળાં રમકડાં, લાકડાનાં રમકડાં, પ્લાસ્ટિકનાં રમકડાં, ધાતુનાં રમકડાં, માટીનાં રમકડાં કે કપડાનાં રમકડાં. વિવિધ પશુ-પક્ષીઓનાં રમકડાં સાથે રમીને બાળક ખરેખર પોતાની જાતને સૃષ્ટિના પ્રાણીજગત સાથે જોડી દે છે અને વાસ્તવિક જીવનમાં પ્રત્યક્ષ જોયા પહેલાં જ એનાં રંગ, રૂપ, આકાર વગેરેથી પરિચિત થઈને ઓળખતું થઈ જાય છે.એ રીતે બાળક પોતાની બોલચાલમાં નાનપણથી જ પ્રાણીજગત સાથે જોડાયેલી શબ્દાવલીથી પણ પરિચિત થઈ જાય છે. ઘૂ.ઘુ.ઘૂ. કરે એ કબૂતર, ચીં ચીં ચીં કરે એ ચકલી, ભોં ભોં કરે તે કૂતરો, કૂકડે કૂક બોલે કૂકડો, ભાંભરે તે ભેંસ, હણહણાટી કરે તે ઘોડો અને હોંચી હોંચી કરે તે ગધેડો. એ રીતે બાળક વિવિધ પશુ-પક્ષીઓને તેમના અવાજની લાક્ષણિકતાથી પણ ઓળખવા લાગે છે.

રમકડાંનો વેપાર કરતો લારીવાળો પણ જો ગીત વગાડે કે....
"છોકરાંવ રે હો રે...
રમકડાંની ગાડી આવી શું શું લાવી ?
શું શું લાવી ?
હાથી ઘોડા વાંદરા લાવી,
હાંઉ હાંઉ કરતા કૂતરા લાવી,
મિયાઉં બોલતી બિલાડી લાવી,
ચી ચી પી પી પંખી લાવી,
સરસ મજજાની ઢીંગલી લાવી..."

આવું સાંભળતાં જ બાળકો રમકડાં જોવાં દોડી જાય છે અને મનગમતાં રમકડાં ખરીદવા માટે માતા-પિતા કે મોટા ભાઈ-બહેન પાસે જીદ કરે છે. આવી જ રીતે માસુમ ફિલ્મનું ગીત....
'લકડી કી કાઠી,
કાઠી કા ઘોડા
ઘોડે કી દૂમ પે જો મારા હથોડા,

e-ISSN : XXXX XXXX
Volume-2, Issue-2 : April-June, 2021

દોડા દોડા દોડા ઘોડા દૂમ દબા કે દોડા'
- આબાલ-વૃદ્ધ સૌને પોતાના બાળપણની યાદ તાજી કરાવી દે છે.

આજકાલ ગ્રામજીવન, ખેતી અને પશુપાલનના વ્યવસાય સાથે જોડાયેલાં પશુઓ અને ઉપયોગી સાધનો જેવાં કે બળદ, ગાય, ભેંસ, કૂકડા, બળદગાડું, ઘોડાગાડી, ટ્રેક્ટર, ટ્રોલી, પ્રાણીઓનાં ઘર (કોઢ), પાંજરું વગેરેનાં રમકડાં કે બિલ્ડિંગ બ્લૉક દ્વારા ઘોડાનો તબેલો બનાવી શકાય એવાં રમકડાં પણ બને છે.

ઓગણીસમી સદીના પ્રારંભમાં અમેરિકન રાષ્ટ્રપતિ થિયોડોર 'ટેડી' રૂઝવેલ્ટના નામ પરથી 'ટેડી બેર'નું રમકડું ખૂબ પ્રખ્યાત થઈ ગયું. બાળ રીંછનો શિકાર કરવાની ના પાડનાર 'ટેડી' રૂઝવેલ્ટની સત્યકથા પછી 'ટેડી બેર' વિશ્વભરમાં પ્રચલિત થયું હતું. ટેલિવિઝનની કાર્ટૂન ચેનલ પર આવતા મિકી-માઉસને બાળક પોતાના ઘરના સભ્ય જેવું માની લે છે. દોડા દોડી કરતા ઉંદર અને કૂતરાનાં કાર્ટૂનને મોજથી માણે છે. રમકડાંના નવા સ્વરૂપમાં ઈલેક્ટ્રોનિક રમકડાં અને ડિજિટલ રમતોને ગણાવી શકાય. રમકડાં બાળકના વિકાસને ખાસ પ્રભાવિત કરે છે. રમકડાં બાળકોના શારીરિક વિકાસ, જ્ઞાનાત્મક વિકાસ, ભાવાત્મક વિકાસ તથા સામાજિક વિકાસમાં હકારાત્મક અસરો કરે છે. જ્યારે આપણે રમકડાંના માધ્યમથી બાળકોને વિવિધ પ્રાણીઓના શબ્દો અને ધ્વનિ શીખવીએ છીએ ત્યારે વાસ્તવમાં આપણે આપણી ભાષાઓના ધ્વનિ જ શીખવીએ છીએ, આપણી સંસ્કૃતિ અને વિશ્વ વિશે શીખવીએ છીએ, જે ખૂબ જ અસરકારક શિક્ષણ પુરવાર થાય છે. ત્રણ વર્ષની ઉંમરે જ બાળક રમકડાંઓનું વર્ગીકરણ સ્વયંભૂ રીતે કરતું થઈ જાય છે. ઘોડાનાં બે રમકડાંમાં કાળો અને સફેદ ઘોડો અલગ અલગ ઓળખતું થાય કે પક્ષીમાં નાના પોપટ અને મોરને ઓળખાતું થાય, પાલતુ પ્રાણી અને જંગલી પ્રાણીને પણ ઓળખતું થઈ જાય અને સરળતાથી એને વર્ગીકૃત કરવાનું શીખી જાય છે.

પશુ-પક્ષીઓનાં રમકડાં સાથે રમીને બાળક પોતાના ભાવોને વ્યક્ત કરવાનું શીખી શકે છે. તે સંજ્ઞાઓ, અવાજો અને વર્તન દ્વારા પોતે ન બોલી શકે તેવા ભાવ પણ વ્યક્ત કરી શકે છે. પશુ-પક્ષીઓનાં રમકડાં સાથે આત્મતીયતા કેળવાય છે, જેથી બાળકમાં જીવદયાની ભાવના આપમેળે જાગૃત થાય છે અને તે આજીવન પોષાય છે.

બાળકો માટે એમની આસપાસની સૃષ્ટિ વિશે જાણવા અને શીખવાના માધ્યમ તરીકે રમકડાં સાથે રમવું મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. રમકડાં સાથે રમીને બાળક ફક્ત રમકડાંને જ નહીં પોતાની જાતને પણ ઓળખતું થાય છે. બાળકના શરીરને મજબૂત કરવામાં પણ તે સહાયભૂત થાય છે. કાર્ય અને કારણના સંબંધને સમજવામાં, સંબંધોનું જોડાણ સમજવામાં તથા મોટા થઈને જરૂરી કૌશલ્ય કેળવવામાં પણ રમકડાં અગત્યનો ભાગ ભજવે છે.

પુખ્ત વયના લોકોની જેમ જ બાળકો પણ ચિંતા અને પરેશાની અનુભવે છે. વિશ્વ એમના માટે ડરામણું ન લાગે તે માટે નાજુક, રૂંવાટીદાર પ્રાણીનું નરમ રમકડું બાળકને વિશ્વ આરામદાયક અને આનંદદાયક હોવાની અનુભૂતિ કરાવે છે. પશુ-પક્ષીનું નરમ રમકડું એને આત્મીયતા અને પરિચિતતાની ભાવના આપી શકે છે. તે અસ્વસ્થ બાળકને સ્વસ્થ થવામાં પણ મદદ કરી શકે છે. ક્યારેક યુવાનો અને મોટેરાઓ માટે પણ સામાજિક બંધનો મજબૂત કરવાં, ઉપચારમાં મદદ કરવા કે યુવાનીના પાઠ શીખવા માટે રમકડાનું માધ્યમ ઉપયોગમાં લઈ શકાય છે.

-----